# સાબરકાંઠામાંથી ૨૮ બસો દ્વારા પરપ્રાંતિય શ્રમિકો પાલનપુર જવા રવાના

## પાલનપુરથી શ્રમિક સ્પેશિયલ ટ્રેન દ્વારા વતન ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ જશે : ઉત્તરપ્રદેશના ૫૧૩ અને મધ્યપ્રદેશના ૨૯૩ શ્રમિકોની વતન વાપસી : સાંસદે યાત્રાની શુભેચ્છા આપી બસોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું

હિંમતનગર, તા. ૧૬

પરપ્રાંતીય શ્રમિકોને સ્પેશિયલ શ્રમિક ટ્રેન મારફતે વતન પહોંચાડવાના સરકારના નિર્ણય અન્વયે સાબરકાંઠા જિલ્લામાં વસતા હજારો પરપ્રાંતિઓ કોરોનાને કારણે લોકડાઉનમાં પોતાના વતન જવા રવાના થયા છે. હિંમતનગરથી ૫૧૩ ઉત્તરપ્રદેશના અને ૨૯૩ મધ્યપ્રદેશના શ્રમિકોને ૨૮ બસો દ્વારા પાલનપુર જવા રવાના કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડે વતન જઈ રહેલા શ્રમિકોને ફરી પોતાની કર્મભૂમિ પાછા આવવાનુ કહી વિદાય આપી હતી.

હિંમતનગર સહિત સમગ્ર સાબરકાંઠા જિલ્લામાંથી શનિવારના રોજ ૨૮ જેટલી બસો દ્વારા ૮૦૦થી વધુ શ્રમિકોને વતનમાં મોકલવાની તંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં કરવામાં આવી હતી. હિંમતનગર શહેરના એન.જી.ઓ. દ્વારા આ શ્રમિકોને જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.



શ્રમિકોને વતન મોકલતા પહેલા આ શ્રમિકોની આરોગ્ય ચકાસણી કરી તબીબી પ્રમાણ પત્ર આપવામાં આવ્યા હતા. કોરોનાના સંક્રમણના જોખમને ધ્યાને રાખી તમામ નિયમોનુ પાલન કરવામાં આવ્યું હતું. તમામ શ્રમિકોને ફરજીયાત માસ્ક પહેરવા તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગના પાલન સાથે શ્રમિકો પાલનપુરથી સ્પેશિયલ શ્રમિક ટ્રેન મારફતે પોત-પોતાના વતન મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ જશે. બસમાં શ્રમિકો માટે ફૂડપેકેટ અને પાણીની બોટલની વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવી હતી. શ્રમિકોને પોતાના વતન જવા રવાના કરતા સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડે આ શ્રમિકોને તેમની યાત્રાની શુભેચ્છા પાઠવતા ફરી સાબરકાંઠા આવવા અને જિલ્લાને વધુ સમૃધ્ધ કરવા જણાવ્યું હતું. હિંમતનગર ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, નગરપાલિકા પ્રમુખ અનિરુદ્ધભાઈ સોરઠીયા અને ચીફ ઓફિસર અલ્પેશભાઇ પટેલ તેમજ નગરપાલિકાના સભ્યોની ઉપસ્થિતિમાં લીલી ઝંડી આપી બસોને પ્રસ્થાન કરાવ્યું હતું.



### મોડાસાથી બસો દવારા શ્રમિકોને યુ.પી., બિહાર મોકલાયા

કોરાના વાયબને લઈ સમગ ભારતમાં ભારત સરકાર દવારા જનતા કફર્યું બાદ લોકડાઉન જાહેર કરાયું હતું. જેમાં કોરોના રોગના કેસો વધી જતાં આપણા વડાપધાન નરેન્દ્રભાઈ મોદી દવારા લોકડાઉન વધારવામાં આવતા યુ.પી., બિહારના શ્રમિકો અટવાઈ ગયા હતા. તેઓ સમય જતાં વતન જવાની માંગ કરતા દરેક રાજય સરકારો એ નિર્ણય લઈ શ્રમીકોની પોતાના વતન તરફ મોકલવાની તજવીજ હાથ ધરી હતી. ત્યારે અરવલ્લી જીલ્લાના મહેસુલી તંત્રએ ૪૦ એસ.ટી. બસો દવારા ઉતરપદેશ, બિહાર અને અન્ય રાજયોના ૧૧૦૭ શ્રમિકોને પાલનપુર સુધી તંત્ર બસ દવારા પહોચાડી રેલ્વે મારફતે પોતાના માદરે વતન પહોચાડવામાં આવશે.

# ડીસામાં લોકડાઉન વચ્ચે બીડીનો જથ્થો ઝડપાયો

## પોલીસે ૨.૯૬ લાખનો મુદામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી

લોકડાઉન વચ્ચે કલેકટરનું જાહેરનામુ અમલી હોવા છતાં પણ ડીસામાં પ્રતિબંધિત એવી તમાકુ અને બીડીઓની હેરાફેરી પણ મોટા પ્રમાણમાં થાય છે ડીસા પંથકમાં કાળા બજાર કરી રૂપિયા કમાવાની લાયમાં મોટા પ્રમાણમાં હેરા ફેરી કરતા તત્વો પણ સક્રિય બન્યા છે ત્યારે આવા સમયે ડીસા દક્ષિણ પોલીસે મળેલ બાતમી આધારે શનિવારે ડીસાના લાઠી બજારમાંથી પસાર થતી એક મારૂતીવાનને રોકાવી તપાસ કરતા તેમાંથી સેલફોન બીડીનો મોટો જથ્થો મળી આવ્યો હતો પોલીસે આ તમામ સેલફોન બીડીના પેકેટ ૪૮૦ (કિંમત ૯૬૦૦૦) અને ગાડી (કિંમત ૨,૦૦૦૦૦) મળી કુલ રૂ.૨.૯૬ લાખનો મુદામાલ કબજે કરી ગાડી ચાલક મહંમદ હનીફ હાજીભાઈ મેમણ ( રહે અમનપાર્ક) વિરુદ્ધ ગુનો નોંધી આ બીડી નો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો ? તેની પણ તપાસ હાથ ધરી છે.

# સાબરકાંઠા એસપીની નબળી કામગીરી બદલ કેન્દ્રિય ગૃહમંત્રીને રજુઆત કરાઈ

## સાબરકાંઠાના સાંસદે કલેક્ટરની રજુઆતમાં સુર પૂર્યો મુખ્યમંત્રી તથા રાજ્યના ગૃહમંત્રીને લેખિતમાં જાણ કરી

હિંમતનગર,તા. ૧૬

કોરોના વાયરસને પગલે સાબરકાંઠામાં ત્રીજા તબક્કાના લોકડાઉન દરમિયાન જિલ્લા પોલીસવડા તથા તેમના સ્ટાફ વચ્ચે થયેલા ગજગ્રાહની સીધી અસરો સરકારી કર્મચારીઓ તથા આમ પ્રજા પર પડી રહી છે ત્યારે થોડા દિવસ અગાઉ ખુદ કલેકટરે સાબરકાંઠાના એસપી વિરૂધ્ધ રાજ્યના પોલીસવડા તથા મુખ્ય સચિવને લેખિત રજુઆત કરી હતી, દરમિયાન સાબરકાંઠાના સાંસદે તાજેતરમાં કેન્દ્રિય તથા રાજયના ગૃહમંત્રી રહિત મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરતા સાબરકાંઠાના પોલીસ બેડામાં અનેક ચર્ચાઓ શરૂ થઈ છે. આ અંગે સાબરકાંઠાના સાંસદ દિપસિંહ રાઠોડે શનિવારે હિંમતનગર ખાતે પત્રકારો સાથેની વાતચિતમાં જિલ્લા પોલીસવડાની કામગીરી અંગે બળાપો કાઢતા એવો આક્ષેપ કર્યો છે કે જિલ્લા પોલીસવડા દ્વારા સ્થાનિક સ્તરે રાજકીય કાવાદાવા ખેલવામાં આવી રહ્યા છે. જેના લીધે નાના અધિકારીઓ અને કર્મચારીઓને સહન કરવાનો વારો આવ્યો છે. જેને લઈને તાજેતરમાં સાબરકાંઠાના સાંસદે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહને પણ લેખિત રજુઆત કરીને કર્મચારીઓ તથા પ્રજાની હાડમારીઓ ઓછી કરવા માટે ઘટતી કાર્યવાહી કરવાની માંગ કરી છે. પોલીસવડાની લોકડાઉન દરમિયાનની કામગીરીથી પોલીસ ખાતાના તથા અન્ય વિભાગના અધિકારીઓ ખુજજ નારાજ છે જે અંગે કેટલાક અધિકારીઓએ કલેક્ટર સી.જે. પટેલને રજુઆત કરી હતી. જેના પગલે કલેક્ટરે પણ તે અંગે રાજયના પોલીસ મહાનિર્દેશક તથા રાજયના મુખ્ય સચિવને પણ રજુઆત કરી હતી. જેને લઈને સાબરકાંઠા જિલ્લાના પોલીસ બેડામાં જિલ્લા પોલીસવડાની કામગીરી અંગે અનેકવિધ ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. દરમિયાન આગામી તા.૧૮ મે થી લોકડાઉનના ચોથા તબક્કામાં વહિવટીતંત્ર દ્વારા અટકી પડેલી અનેક કામગીરી શરૂ થવાની છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના પોલીસ તંત્રમાં પણ તેની અસરો જોવા મળે તો નવાઈ પામવા જેવુ નથી ખુદ પોલીસ ખાતાના કેટલાક અધિકારીઓ પણ જિલ્લા પોલીસવડાની કામગીરીથી નારાજ થઈ ગયા છે ત્યારે તેઓ હાલ તો એકપણ શબ્દ બોલ્યા વગર તેલ અને તેલની ધાર જોઈને સમય જે કહે તે સ્વિકારીને મૌન સેવીને બેઠા છે.





### ડીસામાં એન.સી.સી. બટાલીયનના જવાનોનું સન્માન કરાયું

સમગ્ર ભારતમાં કોરોના વાયરસની સાવચેતીના ભાગરૂપે લોકડાઉન અમલમાં છે ત્યારે લોકડાઉનનું અમલ કરાવવા માટે પોલીસની સાથે સાથે એન. સી. સી. ઓફિસર ભરતસિંહ બી. ખાડેલિયાની સાથે જવાનો પણ ઉમદા ફરજ બજાવી રહ્યા છે અને પોલસની કામગીરીમાં સહકાર આપી ખડેપગે ઉભા રહીને સેવા આપી રહ્યા છે ત્યારે એન. સી. સી. જવાનોને પ્રોત્સાહન આપવા આજે બનાસકાંઠા એન. સી. સી. કમાન્ડરે ડીસા શહેરની મુલાકાત લીધી હતી અને ફરજ પરના પોલીસ જવાનો તથા એન. સી. સી. જવાનોનું સન્માન કરવામાં આવ્યું હતું સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજીત કાર્યક્રમમાં હાજર જવાનોને માસ્ક પણ વિતરણ કરવામાં આવ્યાં હતાં કોરોના વોરિયર્સ યોધ્ધા તરીકે કામગીરી કરતાં પોલીસ બંદોબસ્ત વચ્ચે પણ એન. સી. સી.જવાનો સુંદર કામગીરી કરી રહ્યા છે બનાસકાંઠા કમાંડિંગ ઓફિસર અમિત પૂર્તિ દ્વારા એન. સી. સી. ઓફિસર ભરતસિંહ બી. ખાડેલિયા તેમજ એન. સી. સી. ના તમામ જવાનો તથા પોલીસ કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતાં ભારત ઉપર ગમે ત્યારે વિકટ પરીસ્થીતી આવે ત્યારે એન. સી. સી. જવાનો ખડેપગે ઉભા રહીને સરકારની કામગીરીમાં સહકાર આપવા કટિબદ્ધ રહે છે જ્યારે આજે સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટના ગિતેષભાઈ જોષી તથા સેવાભાવી જયેશભાઈ દેસાઈ દ્વારા કોરોના વાયરસનામાં કામગીરી કરતાં વોરિયર્સ યોધ્ધા તરીકે ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ તથા એન. સી. સી .ના સી. ઓ. અમિત પૂર્તિ સર , એન. સી.સી. ઓફિસર ભરતસિંહ બી ખાડેલીયા ,પી. એસ. આઈ. પરમાર, મુકેશભાઈ પઢિયાર, લલિતભાઈ સાથે તમામ કોરોના યોદ્ધાઓને ફુલહાર પહેરાવી પુષ્પવર્ષા કરી સન્માન કરવામાં આવ્યું હતુ જેથી જવાનોનો ઉત્સાહ પણ બેવડાયો હતો.

# અરમેનિયા દેશમાં મેડિકલ ક્ષેત્રમાં અભ્યાસ માટે ગયેલી યુવતીનું જીવલેણ બિમારીથી મોત

અરમેનિયા દેશમાં મેડિકલ ક્ષેત્રમાં અભ્યાસ માટે યુવતી જીવલેણ બીમારી થતા જીવન મરણ વચ્ચે જોલા ખાઈ રહી હતી.આ બીમાર યુવતીને એર એમ્બ્યુલન્સથી ભારત લાવવા તેના પરિવારજનોએ સરકાર પાસે મદદ માંગી છે.પંરતુ ભારત આવે તે પહેલા તેનુ મોત નિપજતા પરીવારમાં શોક છવાયો છે.

બનાસકાંઠાના પાલનપુરમાં રહેતી ભૂમિ ચૌધરી બે વર્ષ અગાઉ અભ્યાસ અર્થે વિદેશ અરમેનિયા ગઈ હતી અને ત્યાં મેડિકલ નો અભ્યાસ કરી રહી હતી ત્યારે અચાનક તેને માથામાં દુખાવો થતા સારવાર અર્થે અરમેનિયા હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જેથી યુવતી તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી પરંતુ તેની હાલત વધુ નાજુક બનતા શરીરના અંગો ધીરે ધીરે કામ કરતા બંધ થઈ ગયેલને યુવતી ગંભીર બીમારીમાં સપડાઈ જતા ત્યાંના તબીબો એ હાથ અધ્ધર કરી દીધા હતા. યુવતી છેલ્લા ૨૦ દિવસ થી હોસ્પિટલમાં દાખલ છે અને હવે ત્રણ દિવસથી વધુ જીવી શકે તેવી સ્થિતિ ન હોવાનું અરમેનિયાના તબીબો એ જણાવ્યું છે જેથી ત્યાં રહેલી તેની બહેન સિધ્ધિ અને બીજા મિત્રોએ પાલનપુર તેના પિતા નરસિંહભાઈ ચૌધરીને જાણ કરેલી અને ભારત લાવવા પ્રયત્નો હાથ ધરેલ જેમાં સિધ્ધિ ચૌધરી એ ટ્વીટ કરી ભારત દેશના વડાપ્રધાન અને મુખ્યમંત્રી સહિત રાજકીય આગેવાનો, અભિનેતાઓ અને સામાજિક અગ્રણીઓ પાસે ભારત લાવવા મદદ માગેલ અને એર એમ્બ્યુલન્સ દ્વારા ભારત લાવવા માગણી કરી હતી.પંરતુ કોરોનાના કહેરના કારણે ફ્લાઈટ સેવા બંધ હોવાના કારણે ભારત લાવવી મુશ્કેલ હતી ત્યારે દેશના નેતાઓ મદદ કરે તેવી અપીલ કરી હતી. ભૂમિની બહેન સિધ્ધિ અને અન્ય પાંચ મિત્રો હાલ અરમેનિયામાં છે તેઓ ભૂમિની સારસંભાળ રાખી હબ અને તેઓ દ્વારા હવે મદદ કરવામાં અસમર્થ થતા ભારત સરકાર પાસે મદદ માંગી હતી. તો તેના પિતા નરસિંહભાઈ અને સગાઓ પણ ભૂમિને ભારત લાવી અને અહિયાના તબીબો સારવાર કરે અને બચે તે માટે દોડધામ કરી હતી.

# ભિલોડા પોલીસે કુખ્યાત બુટલેગરના ઘરેથી ૭.૩૪ લાખનો દારૂ ઝડપ્યો

## સાગરીતને ઘરેથી ૩૬ હજારનો વિદેશી દારૂ ઝડપ્યો : બુટલેગર પકડથી દૂર

કોરોના મહામારીને લઈને લોકડાઉન ૧૭ મે સુધી યાથવત રહેતા પોલીસતંત્ર લોકડાઉનની અમલવારી અને કાયદો અને



વ્યવસ્થાની સ્થિતિ જાળવવા કમરકસી રહી છે બીજીબાજુ બુટલેગરો પોલીસતંત્રની વ્યસ્તતાનો ફાયદો ઉઠાવી રહ્યા છે ઉત્તર ભારતના રાજયોમાંથી કન્ટેનર અને વિવિધ વાહનો મારફતે વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિદેશી દારૂ અરવલ્લી જીલ્લાના શામળાજી, ભિલોડા અને મેઘરજના રાજસ્થાન રાજયને અડીને આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં ઠાલવી કટિંગ કરી ગુજરાતમાં ઠાલવામાં આવી રહ્યો છે દારૂ કટિંગનો ધંધો કરતા બુટલેગરો પોલીસ પર હુમલો કરતા પણ ખચકાતા નથી ભિલોડાના ડોડીસરા ગામના કુખ્યાત અને પોલીસ પર રેડ કરવા ટેવાયેલા સુકો ઉર્ફે ભંવરલાલ બાબુભાઈ ડુંડના ઘરે મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઠાલવવામાં આવ્યો હોવાની બાતમી ભિલોડા પોલીસને મળતા નવનિયુક્ત ડીવાયએસપી ભરત બસિયા, ભિલોડા પોલીસ, એસઓજી અને પેરોલ ફર્લો પોલીસે સંયુક્ત રેડ કરી ૭.૩૪ લાખનો વિદેશી દારૂ સાથે ૧૮.૩૫ લાખનો મુદ્દામાલ જપ્ત



કર્યો હતો બુટલેગરના સાગરીતને ઘરે થી ૩૬ હજારનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો

ભિલોડા પીએસઆઈ કે.કે. રાજપૂત ને ડોડીસરના માથાભારે બુટલેગર સુકા ઉર્ફે ભંવરલાલ ડુંડના ઘરે મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઠલવાયો હોવાની બાતમી મળતા બુટલેગરે અગાઉ પોલીસકર્મીઓ પર જીવલેણ હુમલો કરેલ હોવાની સાથે અંતરિયાળ વિસ્તારમાં હોવાથી પોલીસતંત્ર કોઈ રિસ્ક લેવા ન માંગતા ડીવાયએસપી ભરત બસિયા,એસઓજી પીઆઈ ભરવાડ પેરોલ ફર્લો પીએસઆઈ સીસોદીયા , ટ્રાફિક પોલીસ અને ટ્રાફિક પોલીસ સાથે સંયુક્ત રેડ કરી બુટલેગરના ઘર આગળ પાર્ક કરેલ બે પીકપડાલા,વર્ના કાર,અને ઘર આગળ બનાવેલ ઢાળિયામાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૧૮૩૬ કી.રૂ.૭૩૪૦૦૦/- તથા મુદ્દામાલ મળી કુલ રૂ.૧૮૩૫૪૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગરના સાગરીત માયકલ નગીનભાઈ ડામોરના ઘરેથી બિયારણ બોટલ-ટીન નંગ-૩૩૬ કી.રૂ.૩૬૦૦૦/- નો જથ્થો જપ્ત કરી બંને બુટલેગરો વિરુદ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.





### પાલનપુર રેલવે સ્ટેશને ૧૩૦૦ શ્રમિકોને સદભાવના ગ્રુપ ટ્રસ્ટ દ્વારા પોષ્ટિક ભોજન અપાયું

કોરોના મહામારી સંદર્ભે સમગ્ર દેશમાં આજે લોક-ડાઉનની પરીસ્થિતિ નિર્માણ પામવા પામી છે.આવી પરિસ્થિતિમાં પરપ્રાંતીય મજુરો જે રોજગારી અર્થે ગુજરાતમાં આવેલા પરંતુ વર્તમાન લોક ડાઉનના કારણે તમામ ધંધા રોજગાર બંધ છે,ત્યારે સરકાર શ્રી દ્વારા ઉત્તર પ્રદેશ અને બિહારના પરપ્રાંતીય શ્રમિકો માટે તેમના વતન પરત જવા માટે ખાસ ટ્રેનો ચલાવવામા આવી રહી છે ત્યારે આ મજુરો પાલનપુર રેલ્વે-સ્ટેશનથી ઉતરપ્રદેશ જઈ રહ્યા છે. આવી જ એક ખાસ ટ્રેન તા ૧૨/૦૫/૨૦૨૦ ના રોજ ઉત્તર પ્રદેશ ના જોનપુર જવા માટે રવાના થઈ જેમાં કૂલ જીલ્લા ભરના ૧૩૦૦ શ્રમિકો વતન જવા રવાના થયા.આ તમામ શ્રમિકોના ભોજનની ચિંતા પાલનપુરના સેવાભાવી એવા સદભાવના ગ્રુપ ટ્રસ્ટ દ્વારા જીલ્લા કલેકટર શ્રી સંદીપ સાગલે પ્રાંત ઓફિસર શ્રી શિવરાજ ગીલવા સદભાવના ગ્રુપ ટ્રસ્ટના શ્રી હરેશ ચૌધરી,શહેર ભાજપ પ્રમુખ શ્રી દિનેશ પટેલ ની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.આ વતન જતા તમામ શ્રમિકો માટે સદભાવના ગ્રુપ ટ્રસ્ટ દ્વારા પોષ્ટિક એવા ભોજનમાં પૂરી સાખ અને મીઠાઈ તથા છાશ અને મિનરલ બિસલરી ના પાણી સાથેના સુંદર મજાના ફૂટ પેકેટ બનાવી દરેક વતન જતા શ્રમિકોને ભરપેટ ભોજન આપવામાં આવ્યું હતું.

# તલોદમાં અફીણના જથ્થા સાથે હેરાફેરી કરતા બે ઝડપાયા

તલોદ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદમાં ૨ કિલોથી વધુ અફીણનો જથ્થો લઈ આવી હેરાફેરી કરનારા મૂળ રાજસ્થાનના એવા ૨ યુવાન આરોપીઓને તલોદ પોલીસે રાત્રે ફિલ્મી ઢબે મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. લકઝરીયસ એવી વર્ના કારમાં આ અફીણનો જથ્થો આરોપીઓ લઈ આવતા હોવાની એક બાતમી આધારે તલોદ પોલીસે ગત રાત્રીના ૧૦.૩૦ કલાકથી એસ.ઓ.જી. સાથે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યુ હતુ. જેમાં પોલીસે ગાડી તથા મુદ્દામાલ સહિત કુલ રૂ. ૪,૫૯,૪૨૫ની મામલત્તા કબજે કરીને નારકોટીક્ટ ડ્રગ્સના ગુનામાં સંડોવાયેલા મનાતા બંને યુવાન આરોપીઓને ઝડપી લઈ જેલને



હવાલે કરી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઓપરેશનમાં એફ.એસ.એલ.ની પણ મદદ લેવાની પોલીસને ફરજ પડી હતી.

મનાય છે કે રાજસ્થાનના અંતરિયાળ વિસ્તારોમાંથી મોંઘોદાટ માદક પદાર્થ અફીણનો જથ્થો લઈને પોતાની વર્ના ગાડી નં. જીજે૧૮-બીએ-૪૩૨૨માં તલોદ બજારમાં સંતોષ ભાજીપાઉં નામની લારી ચલાવતા રમેશ કાળુજી ડાંગી



(પટેલ)નો યુવાન દિકરો પિન્ટુ તેના એક સાથીદાર સાથે રાત્રે હરસોલ તરફથી આવવાનો છે તેવી બાતમી તલોદ પોલીસને મળતાં પોલીસ એકદમ એલર્ટ થઈ ગઈ હતી. દરમિયામ વર્તમાન કોરોના મહામારીના સમયગાળાને કારણે તલોદ પો.સ.ઈન્સ. જી.એસ. સ્વામી તેમના ચુનંદા સ્ટાફના

● અનુસંધાન પાના - ૭ પર